ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ



તાપમાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૯.૦° સે. | ૨૩.૦° સે. |
| બારડોલી | ૩૮.૦° સે. | ૨૧.૦° સે. |
| ભરૂચ | ૪૦.૦° સે. | ૨૪.૦° સે. |
| વ્યારા | ૩૮.૦° સે. | ૨૧.૦° સે. |

## વરેલીની ટોકીઝમાં બખેડો થતાં યુવકને ચપ્પુ ભોંક્યું

**પૂનમ** સિનેમામાં ડકેત ફિલ્મ જોતી વેળા આતંક

પલસાણાઃ પલસાણાના વરેલીની પૂનમ સિનેમામાં ગત સોમવારે ફિલ્મના શો દરમિયાન હિંસક ઘટના બની હતી. સિનેમા હોલની અંદર જ બે યુવક વચ્ચે થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક યુવકે બીજા યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટનાને પગલે સિનેમામાં હાજર પ્રેક્ષકોમાં ભારે નાસભાગ અને ફફડાટ મચી ગયો હતો.

બનાવની વિગતો મુજબ તા.30 માર્ચ-2026ના રોજ સવારે પૂનમ સિનેમામાં 'ડકેત' ફિલ્મનો શો ચાલી રહ્યો હતો. સવારે 11 વાગ્યાના અરસામાં હોલની અંદર બે વ્યક્તિ વચ્ચે કોઈ બાબતે બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ દરમિયાન આરોપી રાજેશસિંગ રામપાલસિંગ રાજપૂત (રહે.,વરેલી, મૂળ ઉત્તરપ્રદેશ)એ ઉશ્કેરાઈ જઈ શ્યામલાલ છેદીલાલ મલ્લા પર હુમલો કર્યો હતો. આરોપીએ તને છોડીશ નહીં, મારી નાંખીશ તેવી ધમકી આપી શ્યામલાલના શરીર પર ચપ્પુના ત્રણ-ચાર ઘા ઝીંકી દીધા હતા.

હુમલાને પગલે લોહીલુહાણ થયેલા શ્યામલાલને તાત્કાલિક 108 એમ્બુલન્સ મારફતે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ઘટના બાદ હુમલાખોર રાજેશસિંગ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. સિનેમાના મેનેજર રસિકભાઈ બચુભાઈ સાંકરીયાએ આ અંગે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સાતકાશીમાં આદિવાસી યુવકના મોતથી રોષઃ પોલીસ સ્ટેશનને ઘેરવાની ચીમકી

**ચેતર** વસાવા, અનંત પટેલ, આનંદ ચૌધરી સહિતના આદિવાસી નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી



સોનગઢઃ સોનગઢના સાતકાશી ગામના એક ૨૧ વર્ષીય આદિવાસી યુવક, રસીદના શંકાસ્પદ મોતના મામલે સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વન વિભાગના અધિકારીઓના કથિત ત્રાસ અને મારપીટને કારણે યુવકનું મોત થયું હોવાના આક્ષેપ સાથે આદિવાસી સમાજના અગ્રણીઓ અને નેતાઓ પરિવારના સમર્થનમાં મેદાનમાં ઊતર્યા છે.

મળતી માહિતી મુજબ તાપ્તી રેન્જના વન વિભાગના અધિકારીઓ દ્વારા સાતકાશી ગામના ત્રણ યુવક વિનોદ, પીયૂષ અને રસીદની કોઈ અજ્ઞાત ગુના હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આક્ષેપ છે કે કસ્ટડી દરમિયાન ૨૧ વર્ષીય રસીદને ઢોર માર મારવામાં આવ્યો હતો. જામીન પર મુક્ત થઈને ઘરે પરત ફર્યા બાદ રસીદને લોહીની ઊલટીઓ થઈ હતી અને ટૂંક સમયમાં જ તેનું મોત નીપજ્યું હતું. મંગળવારે આદિવાસી સમાજના અગ્રણીઓ અને નેતાઓ સાતકાશી ગામે મૃતક રસીદના પરિવારની મુલાકાતે પહોંચ્યા હતા. નેતાઓએ પરિવારને સાંત્વના પાઠવી શ્રદ્ધાંજલિ અર્પી હતી. મીડિયા સાથેની વાતચીતમાં આદિવાસી નેતાએ જણાવ્યું હતું કે, નિર્દોષ આદિવાસી યુવાનને વન વિભાગના અધિકારીઓએ રહેંસી નાંખ્યો છે. કયા ગુનામાં તેની અટકાયત કરાઈ હતી તેની પણ કોઈ સ્પષ્ટતા નથી. વનવિભાગના અધિકારીએ પોસ્ટમોર્ટમના રિપોર્ટમાં ટીબીના કારણે આ યુવાનનું મૃત્યુ થયું છે એમ જણાવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### કામરેજના આસ્તા નજીક ટ્રકની પાછળ ટેમ્પો અથડાતાં ચાલકનું મોત

કામરેજઃ કામરેજના આસ્તા ગામની સીમમાંથી પસાર થતા મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે નં.4 પર સોમવારે અકસ્માતમાં મહારાષ્ટ્રના નાશિકના એક ટેમ્પો ચાલકનું મોત નીપજ્યું હતું. મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના સ્વરાજ્યનગરના વતની રવિન્દ્ર અશોક પાટીલ (ઉં.વ.38) ટેમ્પો નં.(એમએચ 15 જેસી 7647) લઈ નાશિકથી ગુજરાત તરફ ભાડે આવી રહ્યા હતા. બપોરે આશરે 2:30 કલાકે આસ્તા ગામની હદમાં હાઈવે પર બંધ હાલતમાં ઊભેલી એક ટ્રક નં.(એમએચ 20 ઈજી 9864) પાછળ રવિન્દ્રનો ટેમ્પો ધડાકાભેર અથડાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે રવિન્દ્ર પાટીલ કેબિનમાં જ ગંભીર રીતે દબાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ક્રેનની મદદથી તેમને બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે કામરેજ પોલીસે ટ્રક ચાલક લિયાકાત અલીખાન (રહે.,અમેઠી, યુ.પી.) વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ઉમરપાડામાં ખાણમાં ખાબકતાં એકનું મોત

વાંકલઃ ઉમરપાડાની વૈભવરાજ સ્ટોન ક્વોરી પાસેથી પસાર થતી વખતે અકસ્માતે ખાણમાં ખાબકતાં આશરે 40 વર્ષના અજાણ્યાનું માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. ઉમરપાડા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઓડિશાના ઉપ મુખ્યમંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી



દીપલ સોની

રાજપીપળાઃ ઓડિશાના ઉપ મુખ્યમંત્રી પ્રવતિ પરીદાએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી સરદાર સાહેબના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી પરીસરમાં તેમણે સરદાર સાહેબના જીવન પ્રસંગો, પ્રતિમા નિર્માણ પ્રક્રિયા અને ભારતના એકિકરણ માટેના સંઘર્ષોને સુંદર રીતે રજૂ કરવામાં આવેલી વિશાળ ફોટો પ્રદર્શન ગેલેરીની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીને નજીકથી જોવા અને સ્પર્શ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપતાં તેમણે કહ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દરેક ભારતીય માટે એક અવિસ્મરણીય અનુભવ બની રહે છે.

### બારડોલી વકીલમંડળ વચ્ચે ક્રિકેટનો ખરાખરીનો ખેલ



બારડોલીઃ બારડોલી વકીલમંડળ દ્વારા "બારડોલી વકીલ પ્રીમીયર લીગ-સિઝન 1"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહાવીર જયંતી પર્વે બમરોલી સ્થિત નીરૂબા સ્ટેડિયમ ખાતે ટુર્નામેન્ટનો મંગલ પ્રારંભ થયો હતો. કાર્યક્રમનું ઉદઘાટન બારડોલીના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ એમ.કે. શાહ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જે.એલ.પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે, રમતગમત માત્ર શારીરિક ચપળતા માટે જ નહીં, પરંતુ પરસ્પર મિત્રતા, ટીમવર્ક અને એકતા મજબૂત કરવા માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. આ પ્રિમીયર લીગમાં કુલ ચાર ટીમ મનીષ બ્લાસ્ટર્સ, નાઇટ રાઇડર્સ, બારડોલી કોર્ટ ક્રિકેટ ઇલેવન અને પાર્થ સુપર કિંગ્સ વચ્ચે ખરાખરીનો જંગ જોવા મળી રહ્યો છે.

### માંડવીમાં મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી



હિતેશ પટેલ

માંડવીઃ જૈન શ્વેતાંબર સમાજ દ્વારા અહિંસાના અવતાર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવની માંડવી નગરમાં અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પૂજ્ય ગુરુ ભગવંતોની પાવન નિશ્રામાં આયોજિત આ મંગલ પ્રસંગે શહેરમાં એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું, જેમાં સમગ્ર જૈન સમાજ મોટી સંખ્યામાં જોડાયો હતો. શોભાયાત્રાનો પ્રારંભ સ્થાનિક જૈન દેરાસર ખાતેથી થયો હતો, જ્યાં ભગવાન મહાવીરની મનોહર પ્રતિમાને આકર્ષક રથમાં બિરાજમાન કરવામાં આવી હતી. ફૂલો અને રંગબેરંગી ધ્વજાઓથી સુશોભિત આ રથ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ત્યારે શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા કરવામાં આવેલા પ્રભુના જયઘોષ અને ભજન-કીર્તનથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું. માર્ગમાં વિવિધ સ્થળોએ નગરજનો દ્વારા પુષ્પવર્ષા સાથે યાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ઠેર ઠેર પ્રસાદનું વિતરણ પણ કરાયું હતું. આ ધાર્મિક યાત્રામાં વિવિધ આકર્ષક ઝાંખીઓ પણ રજૂ કરવામાં આવી હતી. નગરભ્રમણ બાદ શોભાયાત્રા પુનઃ જૈન દેરાસર ખાતે પહોંચી હતી, જ્યાં વિધિવત આરતી, પૂજન અને મંગળ દીવો પ્રગટાવી કાર્યક્રમની ભાવપૂર્ણ પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ અવસરે સમગ્ર માંડવી પંથકમાં ભક્તિમય અને એકતાનો માહોલ જોવા મળ્યો હતો.

## મલેકપોરમાં તબેલામાં મરઘાનો શિકાર કરવા આવેલી દીપડી પાંજરે પુરાઇ

**દીપડી** પકડાતાં સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો

પલસાણાઃ પલસાણાના મલેકપોર ગામે છેલ્લા કેટલાક સમયથી દીપડાના ભય વચ્ચે આખરે વન વિભાગે મૂકેલા પાંજરામાં એક દીપડી પાંજરે પુરાઇ છે. જેને લઈ ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

ગામના પશુપાલક જમીલખાન લિયાકાતખાન પઠાણ પોતાના ખેતરમાં બનાવેલા તબેલામાં ગાય, ભેંસ, બકરાં અને મરઘાં રાખી પશુપાલનનો વ્યવસાય કરે છે, તેમના તબેલામાં શનિવારે એક દીપડો ત્રાટક્યો હતો. આ દીપડાએ બે મરઘાનો શિકાર કર્યો હતો. જેના કારણે પશુપાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

આ ઘટનાની જાણ ભીખાભાઈ દ્વારા 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડને કરવામાં આવી હતી. જતીન રાઠોડે તાત્કાલિક પલસાણા વન વિભાગના કર્મચારી નાયક સાહેબને જાણ કરી પાંજરું ગોઠવવા રજૂઆત કરી હતી. વન વિભાગની ટીમ દ્વારા રવિવારે જમીલ ખાનના તબેલા પાસે મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. સોમવારે રાત્રે આશરે ૧૦ વાગ્યાની આસપાસ મારણ ખાવાની લાલચે દીપડો પાંજરામાં કેદ થઈ ગયો હતો. જમીલ ખાને આ અંગે વન વિભાગ અને જતીન રાઠોડને જાણ કરતા બંને ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, પાંજરે પુરાયેલી દીપડી સાડા ત્રણ વર્ષની છે. વન વિભાગે દીપડીનો કબજો મેળવી તેને સામાજિક વનીકરણ રેન્જ ઓફિસ ખાતે ખસેડી હતી.

પશુચિકિત્સક પાસે દીપડીની પ્રાથમિક તપાસ કરાવ્યા બાદ ઉપરી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. દીપડી પકડાતાં સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

## માણેકપોર પાસે મિલ્ક ટેન્કર અને ગેસ ટેન્કર વચ્ચે અકસ્માત




બારડોલીઃ બારડોલી તાલુકાના માણેકપોર ગામની સીમમાં નેશનલ હાઈવે ૫૩ પર સોમવારે સાંજે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. સુમુલ ડેરીનું મિલ્ક ટેન્કર (નં.GJ 05 BX 7845) લઈને જઈ રહેલા ડ્રાઈવર વિકાશકુમાર ગૌત્તમ જ્યારે સહયોગ હોટેલ પાસે ટેન્કર વાળી રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે આવતા એક ગેસ ટેન્કરે (નં.NL 01 AE 7002) તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મિલ્ક ટેન્કરનો મેઈન વાલ્વ તૂટી જતાં દૂધ વહી ગયું હતું .

સદનસીબે ડ્રાઈવરને કોઈ ઈજા થઈ નથી. પોલીસે અજાણ્યા ગેસ ટેન્કરચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોસંબા-પાલોદ પોલીસ સ્ટેશનના બંને પી.આઇ.ની બદલી, ચાર્જ આર.જે.ઠુમ્મરને સોંપાયો



ઈબ્રાહીમ કાનુ

**બંને** પોલીસ મથકમાં તાજેતરમાં જ પીઆઈ મુકાયા હતા

**ટૂંક** સમયમાં બદલી થતાં ગુનેગારોને મોકળું મેદાન મળી જશે

હથોડાઃ કોસંબા પોલીસ અને પાલોદ મથક હદ વિસ્તારમાં ગુનાખોરીનો પારો ઊંચે જતાં અને હદ વિસ્તારમાં સ્ટેટ વિજિલન્સે એક જ અઠવાડિયામાં બે રેડ કરીને લાખો રૂપિયાનો ઈંગ્લિશ દારૂ પકડતાં પોલીસ મથકમાં ફરજ બજાવતાં પી.આઈ. બી.કે.ખાચર ફરજમાં સાવ નિષ્ફળ પુરવાર થતાં તાત્કાલિક ધોરણે તેમને લીવ રિઝર્વમાં બદલી કરી કોસંબા પોલીસ મથકમાં પીઆઇ મારુને ચાર્જ સોંપવામાં આવ્યો હતો. જ્યારે પાલોદ પોલીસ ઓપી હતી. પરંતુ ગુનાખોરીનો ગ્રાફ ઊંચે જતાં તાત્કાલિક ધોરણે પોલીસ મથકનો દરજ્જો આપી દઈને આ પાલોદ પોલીસ સ્ટેશનમાં પીઆઇ એ.ડી.ચાવડાને મૂકવામાં આવ્યા હતા. કોસંબા પોલીસ મથક હદ વિસ્તારમાં નવા પીઆઈએ લાલ આંખ કરી ગુનેગારો ઉપર કાબૂ મેળવવાની હજી શરૂઆત થઈ હતી. એક બુટલેગરને ઈંગ્લિશ દારૂના મોટા જથ્થા સાથે ઝડપી પણ પાડવામાં આવ્યો હતો. પરંતુ ટૂંકા સમય ગાળામાં દિવસમાં બંને પોલીસ મથકના પીઆઈની બદલી થઈ જતાં અને કોસંબા અને પાલોદ પોલીસ મથક વિસ્તાર વચ્ચે 17 કિલોમીટરનું અંતર હોવા છતાં બંને પોલીસ મથકમાં એક જ પીઆઇ આર.જે ઠુમ્મરને કામચલાઉ ચાર્જ સોંપવામાં આવતાં ફરી એકવાર વિસ્તારમાં ઈંગ્લિશ દારૂની રેલમછેલ કરનાર બુટલેગરો ગેલમાં આવી ગયા છે. સાથે જ કોસંબા અને પાલોદ પોલીસ મથક હદ વિસ્તારની જનતાની સલામતી સામે ફરી એક વખત પ્રશ્નો ઊભા થયા છે.

## અંકલેશ્વર નગરપાલિકાના વ્યવસાય અને હાઉસ ટેક્સની આવકમાં વધારો

**ગત** વર્ષની સરખામણીમાં વ્યવસાય વેરામાં 1.26 ટકા, જ્યારે હાઉસ ટેક્સમાં 2.94 ટકા જેટલો વધારો થયો

અંકલેશ્વરઃઅંકલેશ્વર નગરપાલિકાના ગત નાણાકીય વર્ષ દરમ્યાન મિલકત વેરો તેમજ અન્ય ટેક્સની વસૂલાતમાં નિર્ધારિત લક્ષ્યાંક કરતા ચારથી પાંચ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જેની અસર આગામી દિવસોમાં નગરના ભાવિ વિકાસ કાર્યો માટે બ્રેક સમાન પૂરવાર થઈ શકે તેમ છે.

અંકલેશ્વર નગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન કુલ માંગણું રૂ.13 કરોડ 7 લાખ જેટલું હતું. જે સામે રૂ.9 કરોડ 34 લાખની વસૂલાત થતાં અંદાજિત 68.17 ટકા થઈ હતી. જે નિર્ધારિત લક્ષ્યાંક કરતાં 4થી 5 ટકા ઓછી નોંધાઈ છે. હાઉસ ટેક્સની વાત કરીએ તો ગત વર્ષ 2024-25માં કુલ માંગણું રૂ.12.22 કરોડ હતું, જે સામે કુલ રૂ.9.16 કરોડની વસૂલાત થતા અંદાજિત 74.92 ટકા થઈ હતી. જે અગાઉના વર્ષ 2023-24માં હાઉસ ટેક્સનું કુલ માંગણું રૂ.9.21 કરોડ હતું અને રૂ.6.99 કરોડની વસૂલાત થઈ હતી. જે 71.98 ટકા જેટલી હતી. આમ, ગત વર્ષની સરખામણીમાં હાઉસ ટેક્સની આવકમાં 2.94 ટકા વધારો થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાલિકા વિસ્તારમાં અંદાજે 3400 જેટલી મિલકતો નોંધાયેલી છે. ઉપરાંત વીતેલા વર્ષ દરમિયાન અંકલેશ્વર નગરપાલિકાને વિવિધ વેરા પેટે જે આવક થઈ છે તેના ઉપર નજર કરીએ તો મિલકત વેરા પેટે રૂ.5 કરોડ 9 લાખ, પાણી વેરા પેટે રૂ.1 કરોડ 41 લાખ, સફાઈ વેરા પેટે રૂ.69.53 લાખ, દીવાબત્તી વેરા પેટે રૂ.40.27 લાખ, ગટર વેરા પેટે રૂ.77.93 લાખનો સમાવેશ થાય છે.

ઉપરાંત અંકલેશ્વર નગરપાલિકાની માલિકીની જમીન તેમજ દુકાનોના ભાડાની આવકમાં પણ વધારો નોંધાયો છે, જેમાં સ્લમ વિસ્તારની જમીન ભાડા પેટે ચાલુ વર્ષે રૂ.19,43,607ની વસૂલાત થઈ હતી. જે ગત વર્ષે રૂ.10,68,943 જેટલી હતી. તો પાલિકાની માલિકીની દુકાનોના ભાડા પેટે ચાલુ વર્ષે રૂ.12,45,516ની વસૂલાત થઈ હતી. જે ગત વર્ષે રૂ.8,25,263 હતી.

જો કે, કોર્ટના દાવા સહિતના વિવાદને કારણે પાલિકાની દુકાનોના ભાડાની આવકનું કુલ માંગણું રૂ.22,11,362 જેટલું, જ્યારે જમીન ભાડાનું કુલ માંગણું રૂ.36,74,579 જેટલું છે. આમ, છતાં બિન વિવાદિત જમીન ભાડા તેમજ દુકાનોના ભાડામાં ગત વર્ષની સરખામણીએ વધારો નોંધાયો છે.

હાઉસ ટેક્સ વિભાગ દ્વારા અત્યાર સુધી કુલ ૪૨ મિલકતો સીલ કરવામાં આવી છે. ઉપરાંત પાલિકાએ 43 પાણી અને ડ્રેનેજ જોડાણ પણ કાપી નાંખ્યાં છે.

### હાઉસ ટેક્સમાં સતત વધારો

વર્ષ 2025-26 વસૂલાતઃ રૂ.9.34 કરોડ
વર્ષ 2024-25 વસૂલાતઃ રૂ.9.16 કરોડ
વર્ષ 2023-24 વસૂલાતઃ રૂ.6.99 કરોડ
-પાલિકા વિસ્તારમાં અંદાજે 34 હજાર મિલકતો નોંધાયેલ
-નિયમિત વસૂલાતથી નગરપાલિકાની આવકમાં સુધારો

### વિવિધ વેરા પેટે પાલિકાની આવક

મિલકત વેરો : રૂ.5.09 કરોડ
પાણી વેરો : રૂ.1.41 કરોડ
સફાઈ વેરો : રૂ.69.53 લાખ
દીવાબત્તી વેરો : રૂ.40.27 લાખ
ગટર વેરો : રૂ.77.93 લાખ

### બાકીદારો સામે પાલિકાની કડક કાર્યવાહી

42 મિલકત સીલ
43 પાણી અને ડ્રેનેજ જોડાણ કપાયાં
નોટિસ બાદ કાર્યવાહી

## કડોદરાની ખેતેશ્વર બિલ્ડિંગમાં પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણાઃ કડોદરામાં ખેતેશ્વર બિલ્ડિંગના રૂમ નં.૩૦૬માં રહેતી આરતી (ઉં.વ.૨૩)એ ગત તા.૩૦ માર્ચ-૨૦૨૬ના રોજ સવારના ૬:૩૦ વાગ્યા પહેલાના કોઈ સમયે પોતાના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. ત્યારબાદ તેણે છતના પંખા સાથે ઓઢણી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ મામલે મૃતકના પતિ પ્રદીપકુમારસિંહ ગોવિંદજીસિંહ પટેલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે જાણ કરી હતી. પ્રદીપકુમારસિંહ મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના મેઝાના વતની છે અને હાલ કડોદરામાં શાંતિનિકેતન બંગ્લોઝમાં રહે છે. મૃતક આરતી તેમની બીજી પત્ની હતી. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વરેલીથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

પલસાણાઃ વરેલીની કાર્તિક મિલની દીવાલ પાસેના પતરાના શેડમાં ૪૫ વર્ષીય અજાણ્યા ભીખારી જેવો દેખાતો પુરુષ અગમ્ય કારણોસર મૃત હાલતમાં મળ્યો હતો. આ મામલે પોલીસે ઓળખ માટે તપાસ હાથ ધરી છે.

## કડોદરામાં માનસિક તણાવમાં યુવકે ચોથા માળેથી પડતું મૂક્યું

પલસાણાઃ પલસાણા તાલુકાના કડોદરા GIDC વિસ્તારમાં એક આશાસ્પદ યુવકે માનસિક તણાવમાં આવી બિલ્ડિંગના ચોથા માળેથી પડતું મૂકી જીવન ટૂંકાવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. મૂળ રાજસ્થાનના રહેવાસી અને અહીંના કાહન ક્રિએશન નામના ધાગાના કારખાનામાં કામ કરતા ૨૨ વર્ષીય સુખરામ પુરારામ મેઘવાલે ૨૯ માર્ચના રોજ રાત્રિના સમયે સૃષ્ટિ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલી જયરામ ગોંડલીયાની બિલ્ડિંગના ચોથા માળેથી છલાંગ લગાવી હતી. ઘટના બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત સુખરામને તાત્કાલિક ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ ૧૦૮ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવતાં ચાલુ સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વિરાભાઈ મેઘવાલની જાહેરાત બાદ કડોદરા GIDC પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભેસ્તાન શાખા : દુકાન નં.૧ થી ૩, સાંઈ સ્કવેર બિલ્ડીંગ, ઉધના નવસારી રોડ, ભેસ્તાન, સુરત –૩૯૫૦૨૩ ફોન નં.– ૦૨૬૧– ૨૮૯૦૧૩૮
Email : dbbhes@bankofbaroda.com

કબજા નોટીસ(સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨]ના[રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વચાંણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૫.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી અમોલ સંતોષ ઘોરપડે (દેવાદાર અને ગીરવેદાર), શ્રી સંતોષ હિમ્મતરાવ ઘોરપડે (સહદેવાદાર અને ગીરવેદાર), શ્રીમતી સુનીતા સંતોષ ઘોરપડે (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૬,૩૭,૬૦૬.૦૮ (રૂપિયા સોળ લાખ સાડત્રીસ હજાર છસો છ અને આઠ પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ ૪ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા. ૨૬મી માર્ચ ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા ની રકમ રૂા.૧૬,૩૭,૬૦૬.૦૮/–** વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી દેવદર્શન રેસીડન્સી તરીકે ઓળખાતી બિલ્ડીંગ નં. બી–૧ ના ૧લા માળનો ફલેટ નં. ૧૦૪ માપ ૭૦૦.૧૯૮ ચો.ફુટ એટલે ૬૫.૦૫ ચો.મી બિલ્ટઅપ એરીયા ૬૫૧.૦૦૬ ચો.ફુટ એટલે ૬૦.૪૮ ચો.મી કારપેટ એરીયા ના વણવહેંચાયેલ હિસ્સા ની તમામ પ્રકાર ની જમીન નો રેવન્યુ સર્વે નં. ૨૯૨ અને ૨૯૩, બ્લોક નં. ૨૮૩/એ માપ ૬૪૫૪ ચો.મીટર, ટી.પી સ્કીમ નં. ૬૨ (ડિંડોલી–ભેસ્તાન–ભેડવાડ) ફાઈનલ પ્લોટ નં. ૮૮ માપ ૪૧૯૫ ચો.મી મોજે ગામ. ડિંડોલી સબડિસ્ટ્રીકટ. ઉધના, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : દસ્તાવેજ મુજબ બ્લોક નં. ૧૧૫, સાઈટ મુજબ બિલ્ડીંગ નં. એન, **પશ્ચિમ તરફ** : દસ્તાવેજ મુજબ રોડ, સાઈટ મુજબ ઓટીએસ, **ઉત્તર તરફ** : દસ્તાવેજ મુજબ રેલ્વે લાઈન, સાઈટ મુજબ રોડ/બિલ્ડીંગ જે, **દક્ષિણ તરફ** : દસ્તાવેજ મુજબ રોડ, સાઈટ મુજબ પેસેજ/ફલેટ નં. ૧૦ આવેલ છે.

**તા. ૨૬/૦૩/૨૦૨૬, સ્થળ : સુરત** — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભેસ્તાન શાખા.**



સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા / सेन्ट्रल बैंक ओफ इंडिया / CENTRAL BANK OF INDIA

વાવ શાખા : પટેલ ફળીયા, મું અને પોસ્ટ - વાવ, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત, ગુજરાત.

પરિશિષ્ટ-૪ (નિયમ-૮(૧)) **પઝેશન નોટીસ** (સ્થાવર મિલકત માટે)

આથી, **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વાવ શાખા, સુરત** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એક્ટ) ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત ડીમાન્ડ નોટીસ તા. **૦૧/૦૮/૨૦૧૯** ના રોજ ઉધારકર્તા / મોર્ગેજર / જામીનદાર **શ્રી પોપટભાઈ ગોપાલભાઈ સોલંકી, શ્રીમતી કુસુમબેન પોપટભાઈ સોલંકી અને શ્રી રાજુભાઈ હેદુભાઈ પાનપાટીલ** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ **રૂા. ૪,૭૬,૬૩૯/- (રૂા. ચાર લાખ છોત્તેર હજાર છસ્સો ઓગણચાલીસ પુરા)**, સાથે ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તા / જામીનદાર ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ અને ૯ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૨૮.૦૩.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા / જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વાવ શાખા, સુરત** ની રકમ **રૂા. ૪,૭૬,૬૩૯/- (રૂા. ચાર લાખ છોત્તેર હજાર છસ્સો ઓગણચાલીસ પુરા)**, વત્તા તા. ૦૧.૦૮.૨૦૧૯ ના રોજ થી વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજાને આધીન રહેશે. (કલમ ૧૩(૨) હેઠળની ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમની ઈફેકટ આપેલ છે)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એકટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

શ્રી પોપટભાઈ ગોપાલભાઈ સોલંકી ના નામની તમામ ભાગ અને હિસ્સા સ્થાવર મિલકત, જે સ્થિત પ્લોટ નં. બી-૩૮૧, ક્ષેત્રફળ ૪૦.૨૦ સ્કે.મી., શ્રીજી રો હાઉસ, તમામ સુવિધાઓ સાથે, જમીનનો આર.એસ. નં. ૧, બ્લોક નં. ૧ અને આર.એસ. નં. ૩૦ અને ૩૩, બ્લોક નં. ૪૮, જે સ્થિત ગામ - વાવ, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. **ચતુઃસીમા :- પૂર્વે** : પ્લોટ નં. બી-૩૯૬, **પશ્ચિમે** : રોડ, **ઉત્તરે** : પ્લોટ નં. બી-૩૮૦, **દક્ષિણે** : પ્લોટ નં. બી-૩૮૨.

**તારીખ : ૨૮.૦૩.૨૦૨૬**
**સ્થળ : સુરત**
**અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**



Muthoot Homefin
**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028


**કબજા નોટિસ** (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)
આથી અધોહસ્તાક્ષરકર્તા 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002' હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વંચાતા સેક્શન 13(2) હેઠળ મળેલી સત્તાની રૂએ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી હોવાથી કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ લેણદાર(ઓ)/ જામીનદાર(ઓ)ને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લેણદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી લેણદાર(ઓ)/ સહ-લેણદાર(ઓ)/ જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે, જે ઉક્ત નિયમોના નિયમ 8 સાથે વંચાતી કલમો હેઠળ છે. ખાસ કરીને લેણદાર અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડની નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજ હેઠળ રહેશે. લેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| ક્રમ | લેણદાર(ઓ)/ સહ-લેણદાર(ઓ) ના નામ/ લોન એકાઉન્ટ નં./ શાખા | સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગતો | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂ.) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | અશોક ચૌથારામ કનવા/ રામનિવાસ ચૌથારામ કનવા/ ચૌથારામ રામનિવાસ કનવા/ 004-00000365/ સુરત | સ્થાવર મિલકત, પ્લોટ નં. 38ની પ્રીમાઈસીસ સાઇટ મુજબ માપ 12 ફૂટ x 41 ફૂટ, રેવન્યુ રેકોર્ડ 7/12 મુજબ માપ 45.75 ચો.મી., રોડ અને COP માં અવિભાજિત હિસ્સા સાથે, "મહાદેવ વિલા" જે રાજ્યઃ ગુજરાત, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ પલસાણા, મોજેઃ તાતીથૈયા, બ્લોક નં. 319 રહેણાંક બિનખેતી (NA) જમીન પૈકી પર વિકસિત છે. | 18-08-2025/ રૂ. 10,72,235/- અંકે રૂપિયા દસ લાખ બોતેર હજાર બસો પાંત્રીસ પૂરા. | 26.03.2026 |
| 2. | સુરેશભાઈ મનુભાઈ પટેલ/ રેખાબેન સુરેશભાઈ પટેલ/ 004-00402163/ સુરત | પ્લોટ નં. 274, ડિવાઈન રેસીડેન્સી- 2, ઉત્તીચાદરા રોડ, ડિવાઈન સ્કૂલ પાસે, હથુરણ, માંગરોળ, સુરત- 394125 ચતુર્થ સીમાઃ ઉત્તર- અડીને પ્લોટ નં. 275, દક્ષિણ- સોસાયટીનો રોડ, પૂર્વ- સોસાયટીનો રોડ, પશ્ચિમ- અડીને બ્લોક. | 23-09-2025/ રૂ. 5,25,444/- અંકે રૂપિયા પાંચ લાખ પચ્ચીસ હજાર ચારસો ચુંમાલીસ પૂરા. | 26.03.2026 |
| 3. | જશુબેન રજનીકાંત પરમાર/ મયુરભાઈ રજનીકાંત પરમાર/ 004-00402020/ સુરત | સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને ભાગ પ્લોટ નં. 200 માપ 53.38 ચો.વાર એટલે કે 44.65 ચો.મી., "વિશ્વાસ રેસીડેન્સી" માં રોડ અને COP ની જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, જે બ્લોક નં. 322 માપ 34366 ચો.મી., મોજે ગામ કુવરદા, તાઃ માંગરોળ, જિઃ સુરત ખાતે આવેલ છે. ઉત્તરે પ્લોટ નં. 199, દક્ષિણે રોડઃ પ્લોટ નં. 201, પૂર્વેઃ રોડ, પશ્ચિમેઃ પ્લોટ નં. 255. | 25-10-2025/ રૂ. 4,29,264/- અંકે રૂપિયા ચાર લાખ ઓગણત્રીસ હજાર બસો ચોસઠ પૂરા. | 26.03.2026 |

તારીખઃ 01 એપ્રિલ, 2026, સ્થળઃ સુરત — સહી/-અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

ભરૂચ જિલ્લામાં રાંધણ ગેસની કિલ્લત: ઔદ્યોગિક કામદાર વર્ગ પર માઠી અસર, પ્રાઇવેટ ગેસ ડીલરો પણ મુશ્કેલીમાં

# ગેસની અછત, મજૂરોની હિજરત



ઉદ્યોગોને મૂંઝવણ

**માત્ર ભરૂચ જિલ્લામાં જ પ્રાઇવેટ ગેસ ડીલરો પાસે અંદાજે 13 હજાર જેટલા ગ્રાહકો નોંધાયેલા છે, દૈનિક ૧૦ હજાર મેટ્રિક ટન ઉત્પાદન સામે ૨૫૦ મેટ્રિક ટનની સ્થાનિક માંગ પણ સંતોષાતી નથી, ઘણા પરિવારોને કાળા બજારમાં ઊંચા ભાવે સિલિન્ડર ખરીદવાની નોબત**

અંકલેશ્વર, ભરૂચઃ પ્રવર્તમાન યુદ્ધજન્ય પરિસ્થિતિ અને વૈશ્વિક ઊર્જા પુરવઠા પર પડેલી અસરને કારણે રાજ્યભરમાં રાંધણ ગેસની કિલ્લત સર્જાતી જોવા મળી રહી છે. ખાસ કરીને ભરૂચ, અંકલેશ્વર અને સુરત જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં રહેતા કામદાર પરિવારો માટે પરિસ્થિતિ દિવસે ને દિવસે ગંભીર બનતી જાય છે.

ભરૂચ જિલ્લામાં મોટી સંખ્યામાં પરપ્રાંતીય ઔદ્યોગિક કામદારો વસવાટ કરે છે, જેઓ મોટા ભાગે પ્રાઈવેટ ગેસ એજન્સીઓ પર નિર્ભર રહે છે. ઈન્ડેન ગેસ જેવી સરકારી કંપનીઓમાં મર્યાદિત કનેક્શન અને દસ્તાવેજી પ્રક્રિયાઓને કારણે અનેક કામદારો રિલાયન્સ ગેસ જેવી પ્રાઈવેટ એજન્સીઓ પાસેથી જ રાંધણ ગેસ મેળવે છે. પરંતુ હાલ રીફાઈનરીઓ તરફથી પ્રાઈવેટ ડીલરોને પૂરતો પુરવઠો ન મળતાં ગેસ સિલિન્ડર મેળવવો મુશ્કેલ બની ગયું છે.

મળતી માહિતી અનુસાર માત્ર ભરૂચ જિલ્લામાં જ પ્રાઈવેટ ગેસ ડીલરો પાસે અંદાજે 13 હજાર જેટલા ગ્રાહકો નોંધાયેલા છે. છેલ્લા એક મહિનાથી ગેસ કંપનીઓ દ્વારા સિલિન્ડરોનો જથ્થો મોકલવામાં વિલંબ કે અભાવ રહેતા ડીલરો પોતે પણ હેરાન પરેશાન બન્યા છે. ગ્રાહકોને બુકિંગ બાદ લાંબા સમય સુધી રાહ જોવી પડે છે. જ્યારે ઘણા પરિવારોને કાળા બજારમાં ઊંચા ભાવે સિલિન્ડર ખરીદવાની ફરજ પડી રહી છે.

ગુજરાતભરમાં રિલાયન્સ ગેસના અંદાજે અઢી લાખ જેટલા કનેક્શન હોવાનું માનવામાં આવે છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં આ તમામ ગ્રાહકોને નિયમિત પુરવઠો મળી રહ્યો નથી. ખાસ કરીને ભરૂચ, અંકલેશ્વર અને સુરતની ઔદ્યોગિક વસાહતોમાં રહેતા કામદાર પરિવારો માટે રસોઈ બનાવવી પણ મુશ્કેલ બની છે. અનેક કામદારો ગેસની અછતને કારણે પરિવાર સાથે વતન પરત જવાની વિચારણા કરી રહ્યા હોવાના અહેવાલો મળી રહ્યા છે.

જામનગર સ્થિત રિફાઈનરીમાં દરરોજ આશરે 10,000 મેટ્રિક ટન ગેસનું ઉત્પાદન થતું હોવા છતાં ગુજરાતના ડીલરોની જરૂરિયાત મુજબ પુરવઠો મળતો નથી.

સ્થાનિક ડીલરોના જણાવ્યા મુજબ રાજ્યના ગેસ વિતરણ માટે જરૂરી આશરે 250 મેટ્રિક ટન જેટલી દૈનિક માંગ પણ સંતોષાઈ રહી નથી. રાંધણ ગેસ જેવી આવશ્યક સુવિધાની અછત લાંબા સમય સુધી ચાલુ રહેશે તો ઔદ્યોગિક ઉત્પાદન તેમજ કામદાર વર્ગના જીવન પર વ્યાપક અસર પડવાની શક્યતા નકારી શકાય તેમ નથી. સરકાર ત્વરિત પગલા ભરે તેવી લોકોમાં આશા વ્યક્ત થઈ રહી છે.

### કામદાર પરિવારો સૌથી વધુ પ્રભાવિત

ભરૂચ, અંકલેશ્વર અને સુરતની ઔદ્યોગિક વસાહતોમાં હજારો પરપ્રાંતીય કામદારો વસવાટ કરે છે. મોટાભાગના કામદારો પાસે સરકારી ગેસ કનેક્શન ન હોવાને કારણે તેઓ પ્રાઇવેટ ગેસ એજન્સીઓ પર નિર્ભર છે. ગેસ સિલિન્ડર ન મળતા રોજિંદી રસોઈ બનાવવી મુશ્કેલ બની છે અને કેટલાક પરિવારો વતન પરત જવાની ફરજમાં આવી રહ્યા છે. અનેક કામદાર પરિવારો તો હિજરત કરી વતન પહોંચી ગયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

### ઉત્પાદન વધારે છતાં પુરવઠો ઓછો

જામનગર રિફાઈનરીમાં દરરોજ આશરે 10,000 મેટ્રિક ટન ગેસનું ઉત્પાદન થતું હોવાનું કહેવાય છે, છતાં ગુજરાતના ડીલરોની જરૂરિયાત મુજબ ગેસ ઉપલબ્ધ નથી. રાજ્યમાં દૈનિક અંદાજે 250 મેટ્રિક ટન ગેસની માંગ હોવા છતાં પુરવઠો મર્યાદિત રહેતા કિલ્લત વધુ ગંભીર બની રહી છે.

# કરંટથી ચોંટી ગયેલા ભાઈને બચાવવા જતાં મોટા ભાઈનું મોત

**આછોદ** ગામે બે સગા ભાઈને કરંટ લાગ્યો

આમોદ, ભરૂચઃ આમોદના આછોદ ગામે ગત રોજ બપોરે બે સગા ભાઈઓને વીજ કરંટ લાગતાં મોટા ભાઈનું ભાઈનું મોત થયું હતું. જ્યારે નાનો ભાઈ ઈજાગ્રસ્ત બન્યો હતો.

આમોદના આછોદની નવી નગરીમાં રહેતા ઠાકોરભાઈ પ્રવીણભાઈ રાઠોડના ઘરે કપડાં સૂકવવા માટે લોખંડની એંગલ ઉપર તાર બાંધવામાં આવ્યો હતો. દુર્ભાગ્યવશ આ તાર પર અચાનક વીજ કરંટ આવી જતાં વિજયભાઈ રાઠોડને જોરદાર કરંટ લાગ્યો હતો અને ચોંટી ગયા હતા. નાના ભાઈની ચીસાચીસ સાંભળી તેમના મોટાભાઈ ઠાકોરભાઈ રાઠોડ પણ ઘરમાંથી બહાર આવી નાનાભાઈ વિજયને બચાવવા પ્રયાસ કરતાં પોતે પણ વીજ કરંટની ઝપેટમાં આવી ગયા હતા. સૌથી મોટાભાઈ મહેશભાઈએ સમજદારીપૂર્વક લાકડી વડે તારને સપાટો મારતાં તાર તૂટી ગયો અને બંને ભાઈ નીચે પટકાયા હતા. ત્યારે ઠાકોરભાઈ સ્થળ ઉપર બેભાન થઈ ગયા હતા. બાદ બંને ભાઈને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પહોંચતા પહેલાં જ ઠાકોરભાઈ રાઠોડનું મોત થયું હતું. જ્યારે વિજયભાઈ રાઠોડને વીજ કરંટથી ઈજા થતાં સારવાર આપવામાં આવી હતી. આમોદ પોલીસે ઠાકોરભાઈનું પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહ તેમના પરિવારજનોને પરત કરી મહેશ પ્રવીણ રાઠોડની ફરિયાદના આધારે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# નર્મદા પરિક્રમા પથ પર ભક્તોની આરોગ્ય સુખાકારી માટે ચેકિંગ

**તાજા** ખાદ્ય પદાર્થોની ખાતરી કરવા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની તપાસ



દીપલ સોની

રાજપીપળાઃ નર્મદા જિલ્લામાં ચૈત્ર મહિના દરમિયાન યોજાતી ઉત્તરવાહિની પરિક્રમા ગત તા.19 માર્ચથી પ્રાંરભ થઇ છે, જેમાં શ્રદ્ધાળુઓ પ્રતિદિન મોટી સંખ્યામાં જોડાઈને માં નર્મદાની પરિક્રમા કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

હાલ પરિક્રમાર્થીઓની સેવા માટે આસપાસનાં ગામોના સ્વયંસેવકો અને સંસ્થાઓ વિવિધ સ્થળોએ ભંડારા યોજી સેવાઓ આપી રહ્યા છે. હાલમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું હોવાથી પરિક્રમાર્થીઓને સ્વાસ્થ્ય સંદર્ભે પરિક્રમા પથ પર ઊભા કરાયેલા ભંડારા ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી અને કર્મચારીઓએ ખાદ્ય પદાર્થોની ચકાસણી કરી સ્વચ્છતાની ખાતરી કરવા દોડી આવ્યા છે. સેવા સંસ્થા સંગઠનો અને ધર્માદાઓ પણ ખાસ કાળજી રાખી તાજા ખોરાક અને નાસ્તાનો આગ્રહ રાખી રહ્યા છે.

આશ્ચર્ય અને ખેદની વાત તો એ છે કે નર્મદા જિલ્લામાં છેલ્લાં 30 વર્ષથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કોઈ કાયમી કચેરી કે કોઈ કાયમી અધિકારી જ નથી. છતાં ભરૂચથી દોડી આવેલા આ અધિકારીઓ તંત્રને સારું લગાડવા ચેકિંગનું નાટક કરી રહ્યા છે. જેની સામે આમ જનતામાં અને ભક્તોમાં રોષની લાગણી જન્મી છે. હાલ નર્મદા જિલ્લામાં ઉનાળાની ગરમીમાં કેરીનો રસ, ઠંડાં પીણાં, આઈસક્રીમ, મીઠાઈ, ફળોની અને ખાણીપીણીની હાટડીઓ ખૂલી ચૂકી છે.

માત્ર દિવાળીએ જ પોતાની દિવાળી કરવા આવતાં અધિકારીઓ આખા વર્ષમાં નર્મદા જિલ્લામાં ક્યાંય દેખાતા નથી. નર્મદા જિલ્લામાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવાને બદલે પરિક્રમા પથ પર ચેકિંગ કરવાનું નાટક કરતાં જોઈને લોકોમાં આ કામગીરી હાસ્યસ્પદ બની છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ભાજપી ઉમેદવારોનો રાફડો ફાટ્યો

**વ્યારા,** વાલોડ અને ડોલવણની તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી લડવા 196 જેટલા દાવેદારોએ ફોર્મ ભર્યાં



વ્યારાઃ ગતરોજ તાપીના વ્યારા મુકામે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વ્યારા, વાલોડ અને ડોલવણ તાલુકાની જિલ્લા અને તાલુકા પંચાયત બેઠકો સહિત વ્યારા નગર પાલિકાની ચૂંટણી માટે ચૂંટણી લડવા ઈચ્છુક ભાજપના ઉમેદવારોની સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં ભાજપના ઉમેદવારોનો જાણે રાફડો ફાટ્યો હતો. તાપી જિલ્લાની વ્યારાની 20 બેઠક માટે 54, વાલોડ તાલુકાની 16 બેઠક માટે 48 અને ડોલવણ તાલુકાની 16 બેઠકની ચૂંટણી માટે 42 જેટલા ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. ઉપરાંત ત્રણેય તાલુકાની જિલ્લા પંચાયતની વ્યારા તાલુકાની 5 અને વાલોડ અને ડોલવણ 3-3 મળી કુલ 11 જિલ્લા પંચાયત બેઠક માટે 52 જેટલા દાવેદારોએ ચૂંટણી લડવા માટે ઉમેદવારી નોંધાવી છે. આમ ત્રણ તાલુકામાં જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે 196 જેટલા દાવેદારો ઊમટી પડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે તાપીના વ્યારા સ્થિત બ્રહ્મ સમાજની વાડી ખાતે ગુજરાત પ્રદેશ ભાજપના 3 નિરીક્ષક દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોની સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઉમેદવારોનો રાફડો ફાટી નીકળતાં ગતરોજ બાકી રહેલ વ્યારા પાલિકાની ચૂંટણી લડવા માટે દાવેદારોના સેન્સ પ્રક્રિયા ટાળવી પડી હતી. જે મંગળવારે સવારે 8 વાગ્યે લેવાશે તેમજ જિલ્લામાં સોનગઢ સહિતના અન્ય 5 તાલુકાની સેન્સ પ્રક્રિયા સોનગઢ ખાતે સવારે 10 કલાકે હાથ ધરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### નર્મદા પોલીસે રામધૂન સાથે પરિક્રમાવાસીઓનું ભીડ વ્યવસ્થાપન કર્યું



દીપલ સોની

રાજપીપળાઃ હાલમાં ચાલી રહેલી નર્મદા પરિક્રમામાં શ્રદ્ધાળુઓનું કીડિયારું ઉભરાતાં નર્મદા પોલીસ દ્વારા સુરક્ષા અને વ્યવસ્થા જાળવવાની એક પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. ભક્તોની ભારે ભીડને કારણે કોઈ અનિચ્છનીય ઘટના કે ભાગદોડ ન સર્જાય તે માટે પીઆઈ વી.કે. ગઢવીએ એક અદભૂત રસ્તો અપનાવ્યો હતો. તેમણે શિસ્તબદ્ધ રીતે ભીડને કાબૂમાં લેવા માટે ભક્તોને થોડા થોડા અંતરે રોકી, પોતે માઈક પર રામધૂન અને ભજન-કીર્તન શરૂ કર્યાં હતાં. નર્મદા મૈયાના જયઘોષ સાથે પોલીસનો આવો ભક્તિમય અંદાજ જોઈ પરિક્રમાવાસીઓ પણ મંત્રમુગ્ધ બન્યા હતા. ભક્તોએ પોલીસના આ નવતર પ્રયોગની પ્રશંસા કરી હતી. કારણ કે, તેનાથી વ્યવસ્થા પણ જળવાઈ અને વાતાવરણ પણ ભક્તિમય બની રહ્યું. નર્મદા જિલ્લા પોલીસની આ માનવીય અને સંવેદનશીલ કામગીરીની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

### કીમમાં રૂ.૧૩૫ લાખનાં કામોનાં ખાતમુહૂર્ત



કિરણ ઢોડિયા

કીમઃ ઓલપાડના કીમ ગામે વિકાસ કાર્યોને વધુ ગતિ આપવા માટે રવિવારે સાંજે ૭ વાગે મૈત્રુવૃંદ ગ્રાઉન્ડ ખાતે વિવિધ યોજનાઓના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કુલ અંદાજે રૂ.૧૩૫ લાખના વિકાસ કાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઓલપાડ તાલુકા પંચાયતના સ્વભંડોળ ગ્રાંટમાંથી મંજૂર થયેલ રૂ.૪૫ લાખના ખર્ચે નિર્માણ થનારા હાટ બજારનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાથે જ વિવિધ યોજનાઓમાંથી મંજૂર થયેલાં રૂ.૫૦ લાખનાં અન્ય વિકાસ કાર્યોનાં ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ.૪૦ લાખના ખર્ચે કીમ ROB પર લગાવવામાં આવેલી LED લાઈટોનાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના કારણે રાત્રિના સમયે વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને વધુ સુરક્ષા અને સુવિધા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

### અંકિતાબેન ઢીંમર પીએચ.ડી થયાં



બારડોલીઃ મૂળ બારડોલીના અને હાલ નવસારી ખાતે રહેતા અંકિતાબેન અશોકભાઇ ઢીંમર દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની શિક્ષણ વિદ્યાશાખામાં શ્રેણી ૯ના વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિવિધ એકમોના અધ્યાપન માટે કમ્પ્યુટર કાર્યક્રમ રચના અને તેની અસરકારકતાનો અભ્યાસ વિષય પર મહાશોધ નિબંધ તા.૨૭/૦૩/૨૦૨૬ના રોજ રજૂ કર્યો હતો. જે યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ મહાશોધ નિબંધ અંકિતાબેન ઢીંમરે માર્ગદર્શક પ્રિ. ડો.પત્રલેખા કે.ચાવડા, વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો છે.

# ભરૂચ જિલ્લામાં ટેકાના ભાવે અનાજ ખરીદી માટે નોંધણી શરૂ

**VCE** મારફતે 1 એપ્રિલથી 30 એપ્રિલ સુધી ફરજિયાત નોંધણી, બાજરી, જુવાર અને મકાઈ માટે MSP જાહેર

ભરૂચઃ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા રવિ માર્કેટિંગ સિઝન 2025-26 અંતર્ગત ભરૂચ જિલ્લામાં બાજરી, જુવાર અને મકાઈની લઘુત્તમ ટેકાના ભાવે સીધી ખરીદી માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભારત સરકારની માર્ગદર્શિકા હેઠળ યોજાનાર આ અભિયાનનો લાભ જિલ્લાના લાયક ખેડૂતો લઈ શકશે અને કૃષિ ઉત્પાદનોને યોગ્ય ભાવ મળવાની શક્યતા ઊભી થઈ છે.

સરકાર દ્વારા જાહેર કરાયેલા ટેકાના ભાવ મુજબ બાજરીનો પ્રતિ ક્વિન્ટલ રૂ.2625, જુવાર (માલદંડી) નો રૂ.3189, જુવાર (હાઈબ્રીડ)નો રૂ.3225 તથા મકાઈનો રૂ.2125 નક્કી કરવામાં આવ્યો છે, જે ખેડૂતો માટે બજારની અસ્થિરતા સામે એક સુરક્ષિત વિકલ્પરૂપ બની શકે છે.

જિલ્લા અધિકારીઓના જણાવ્યાનુસાર ઈચ્છુક ખેડૂતોને ગ્રામ્ય કક્ષાએ VCE (Village Computer Entrepreneur) મારફતે તા.1 એપ્રિલથી 30 એપ્રિલ-2026 દરમિયાન ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. નોંધણી પૂર્ણ થયા બાદ ખેડૂતોને તેમના નોંધાયેલ મોબાઈલ નંબર પર SMS દ્વારા ખરીદીની તારીખ અને સમય અંગે સૂચના આપવામાં આવશે, જેથી વ્યવસ્થિત અને ગોઠવણબદ્ધ ખરીદી પ્રક્રિયા સુનિશ્ચિત થઈ શકે. ખરીદી કામગીરી તા.1 મેથી 15 જુલાઈ-2026 દરમિયાન હાથ ધરાશે. નોંધણી માટે ખેડૂતોને આધાર કાર્ડ, અદ્યતન 7/12 અને 8-અના ઉતારા તેમજ બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક રજૂ કરવાનું રહેશે. સમગ્ર પ્રક્રિયા આધાર આધારિત બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા પૂર્ણ કરવામાં આવશે, જે પારદર્શિતા અને પ્રામાણિકતા વધારવાના દાવા સાથે અમલમાં મુકાઈ રહી છે.

# કોસંબાના તળાવનું બ્યુટિફિકેશન હાથ ધરાશે, આખરે ખાતમુહૂર્ત નીકળ્યું

**અગાઉ** પણ ખાતમુહૂર્ત કરાયું હતું, પણ સફળતા મળી ન હતી

**તળાવની** ચારેકોર થયેલાં દબાણોને કારણે અવરજવરનો રસ્તો સાંકડો બન્યો



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ માંગરોળ તાલુકાના આશરે 20થી 22 હજારની વસ્તી ધરાવતા મોટા ગામ કોસંબાના રહેણાક વિસ્તારની મધ્યમાં આવેલા તળાવના બ્યુટિફિકેશન માટે વર્ષો અગાઉ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, પરંતુ તે પ્રયાસ નિષ્ફળ પુરવાર થયો હતો. ત્યારે વર્તમાન સરપંચ અને પંચાયત બોડી દ્વારા આ દિશામાં ફરી સક્રિયતા દાખવી, વર્ષો બાદ મંગળવારે વિધિવત રીતે તળાવના બ્યુટિફિકેશનના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, ગામની વચ્ચોવચ આવેલું આ તળાવ અગાઉ સાફસફાઈના બહાને માટી ઉલેચવાને કારણે અત્યંત ઊંડું થઈ ગયું છે. આટલી ઊંડાઈ હોવા છતાં સુરક્ષાના ભાગરૂપે તળાવની ચારે બાજુ રક્ષણાત્મક દીવાલ કે તારનું ફેન્સિંગ કરવામાં આવ્યું નથી, જે ખાસ કરીને ચોમાસા દરમિયાન સ્થાનિક રહીશો માટે અત્યંત જોખમી સાબિત થાય છે. તળાવના કિનારેથી જ મુખ્ય રસ્તો પસાર થાય છે, જે દિવસ-રાત વાહનોની અવરજવરથી ધમધમતો રહે છે. વધુમાં પંચાયતની કથિત રહેમનજર હેઠળ તળાવની ચારે તરફ કેટલાક લોકો દ્વારા ગેરકાયદે દબાણો કરવામાં આવ્યાં છે. જેના કારણે કિનારાના રસ્તા સાંકડા બની ગયા છે અને વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે પસાર થવું મુશ્કેલ બન્યું છે.

આ તમામ અવરોધો છતાં પંચાયત અત્યાર સુધી મૌન રહી હતી, પરંતુ હવે ફરી એકવાર બ્યુટિફિકેશન દ્વારા વિકાસ કાર્યો હાથ ધરવાના પ્રયાસો શરૂ થતાં જનતામાં નવી આશાનો સંચાર થયો છે. જો વર્તમાન પંચાયત બોડી આ કામગીરીમાં સફળ રહેશે અને તળાવની ફરતે ઊભાં થયેલાં તમામ દબાણો ખરેખર દૂર થશે, તો વર્ષોથી હાલાકી ભોગવી રહેલી કોસંબાની જનતાને કાયમી પરેશાનીમાંથી મુક્તિ મળશે.

# અવાદરમાં બારમાની વિધિ દરમિયાન યુવાન પર હુમલો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના અવાદર ગામની સીમમાં સ્મશાન પાસે વિધિ માટે ગયેલા યુવાન પર અગાઉના ઝઘડાની રીસ રાખી ચાર ઈસમોએ કડાં અને પથ્થર વડે હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે પોલીસે બે આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વરના અવાદર ગામના મંદિર ફળિયામાં રહેતા રમણ રામજીભાઈ વસાવા ગામમાં રહેતા અર્જુન વસાવાના પરિવારના સભ્યના અવસાન બાદ બારમાની વિધિ માટે ગામલોકો સાથે સ્મશાન ખાતે ગયા હતા. તે દરમિયાન ગામના હસમુખ વસાવા તથા તેનો ભાણેજ ગણપત વસાવા સાથે અગાઉના ઝઘડાની રીસ રાખી બોલાચાલી થઈ હતી. એ વેળા મામો-ભાણેજે કમરના ભાગે રહેલ ચપ્પુ લઈને ધમકી આપતા રમણભાઈ ત્યાંથી પોતાના ઘર તરફ ભાગ્યા હતા. રસ્તામાં બાઈક લઈને ગણેશ વસાવા અને પ્રદ્યુમ્ન વસાવાએ તેમને રોકી હાથમાં પહેરેલા કડા વડે માર માર્યો હતો. ત્યારબાદ હસમુખ વસાવાએ પથ્થર વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે કાર્યવાહી કરીને ગણપત વસાવા અને ગણેશ વસાવાની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ભરૂચમાં રિક્ષામાંથી ઝેરી કોબ્રા મળી આવ્યો

ભરૂચઃ ભરૂચના સ્ટેશન નજીક આવેલા કસક ગરનાળા પાસે એક રિક્ષામાંથી ઝેરી કોબ્રા સાપ મળી આવતા આખા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. રિક્ષાચાલકે અચાનક સાપ નજરે પડતા ગભરાઈને આસપાસના લોકોને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોએ જીવદયા પ્રેમી સંસ્થા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુના કાર્યકર યોગેશ મિસ્ત્રીનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતા જ યોગેશ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા અને તપાસમાં ખબર પડી કે રિક્ષામાં અત્યંત ઝેરી કોબ્રા છે. યોગેશ મિસ્ત્રીએ સાપનું સફળ રેસ્ક્યુ કરી રિક્ષામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. રેસ્ક્યુ કરાયેલા કોબ્રાને યોગ્ય-સલામત સ્થળે છોડવામાં આવશે.


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૩૬/૨૦૨૬
તા.૧૧/૦૩/૨૦૨૬

વાદી :- વીરસિંગભાઇ કમચીભાઇ ચૌધરી, રહે.રેગામા, રધીપુરા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી રેગામા ગૃપ ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વીરસિંગભાઈ કમચીભાઈ ચૌધરી, રહે.રેગામા, રધીપુરા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦એ તેઓના દાદી ઘડીબેન ચામટાભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ ઘડીબેન ચામટાભાઈ ચૌધરી ૨. મરણ તારીખઃ ૦૩/૦૬/૧૯૬૫ ૩. મરણનું સ્થળઃ મોજે.રેગામા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ઘડીબેન ચામટાભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



Milano MULTIPLEX

બારડોલી

**Dhurandhar The Revenge**

11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**શ્રી કામરેજ વિભાગ ખેતીપાંક રૂપાંતર અને વેચાણ કરનારી સહ.મં લી**

ઠે.જીન કંપાઉન્ડ, કામરેજ ચાર રસ્તા તા.કામરેજ જી. સુરત. ૩૯૪૧૮૫.

આથી આ સંસ્થાના તમામ સભાસદાને જણાવવામાં આવે છે કે ચાલુ વર્ષે સંસ્થાની પેટા કાયદાની કલમ નં ૩૨ (અ) મુજબ વ્યવસ્થાક કમીટીના કુલ ૨૧ સભ્યોની ચુંટણી સને ૨૦૨૬-૨૭ થી ૨૦૩૦-૨૦૩૧ સુધીના સમય માટે કરવાનો કાર્યક્રમ નીચે મુજબ છે.
(જે પૈકી વ્યવસ્થાપક કમીટીમાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદીજાતીઓ માટે-૧ અને મહિલા માટે ૨ બેઠકો તથા મંડળી પ્રતિનિધીઓ માટે - ૩ બેઠકો અનામત રાખવામાં આવશે)

**ચુંટણી કાર્યક્રમ**

| | |
|---|---|
| ૧ સંસ્થાના નોટીશ બોર્ડ ઉપર મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | તા. ૦૨/૦૪/૨૦૨૬ |
| ૨ મતદાર યાદી સામે વાંધા અરજી કરવાની છેલ્લી તારીખ | તા.૦૫/૦૪/૨૦૨૬ બપોરે ૩.૦૦ વાગ્યા સુધી |
| ૩ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધીની તારીખ | તા.૦૫/૦૪/૨૦૨૬ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી |
| ૪ ઉમેદવારી પત્ર લઈ જવા તેમ જ સ્વીકારવાની તારીખ | તા.૦૬/૦૪/૨૦૨૬ થી ૦૮/૦૪/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરના ૪.૦૦ વાગ્યા સુધી |
| ૫ ઉમેદવારી પત્રો ચકાસણીની તારીખ | તા.૦૮/૦૪/૨૦૨૬ સાંજે ૫.૦૦ કલાકે |
| ૬ ચકાસણી બાદ બાકી રહેલ હરીફ ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | તા.૦૯/૦૪/૨૦૨૬ સવારે ૧૧.૦૦ કલાકે |
| ૭ ઉમેદવારીપત્રો પાછા ખેચવાની છેલ્લી તારીખ | તા.૦૯/૦૪/૨૬ થી ૧૦/૦૪/૨૬ સવારના ૧૧.૩૦ થી બપોરના ૩.૦૦ સુધી |
| ૮ ઉમેદવારોની છેવટની યાદી પ્રસિધ્ધી તારીખ | તા.૧૦/૦૪/૨૦૨૬ સાંજના ૫.૦૦ કલાકે |
| ૯ ચુંટણીની તારીખ | તા.૧૪/૦૪/૨૦૨૬ સવારે ૯.૦૦ થી બપોરના ૩.૦૦ સુધી |
| ૧૦ મત ગણતરી ચુંટણી પૂર્ણ થયાનાં ૧ કલાક બાદ કરવામાં આવશે. | |

ચુંટણીનો વિગતવાર કાર્યક્રમ સંસ્થાની ઓફિસના નોટીસ બોર્ડ ઉપર પણ મુકવામાં આવેલ છે.

નોંધ : ઉમેદવારી પત્ર ભરવા આવનાર સમયે તેમજ મતદાન સમયે ફોટા વાળુ સરકારી ઓળખ કાર્ડ લઈને અવશ્ય આવવાનું રહેશે.

ચુંટણી સ્થળ : કામરેજ જીન કંપાઉન્ડ, કામરેજ ચાર રસ્તા

સ્થળઃ કામરેજ ચારરસ્તા
તા. ૩૧.૦૩.૨૦૨૬

સહી- કેયુર જે. પટેલ-ચુંટણી અધિકારી તથા હર્ષિલ એચ. પટેલ-મદદનીશ ચુંટણી અધિકારી
શ્રી કામરેજ વિભાગ ખેતીપાંક રૂપાંતર અને વેચાણ કરનારી સહ.મં.લી.



**જાહેર ચેતવણી**

આથી જાહેર જનતા ને જાણ કરવાની કે મોજે આંકદોડ તા.માંગરોળ જી સુરત ના માં નીચે ની વિગત વાળી ખેતીની જમીન આવેલી છે.

| ક્રમ | બ્લોક નંબર | સર્વે નંબર | ખાતા નંબર | ક્ષેત્રફળ હે.ચોમી.આરે. |
|---|---|---|---|---|
| ૧ | ૨૨ | ૨૯ | ૧૭૫ | ૦-૦૭-૦૦ |
| ૨ | ૪૮૯/અ | ૪૫૩પૈકી. | ૧૭૫ | ૦-૯૫-૦૦ |
| 3 | ૪૮૯/બ | ૪૫૪પૈકી. | ૧૭૫ | ૦-૩૪-૦૦ |

મચકુર જમીનનો ના માલિક મહમદઅલી ઈસ્માઈલ કાજી હતા જેઓ નું તા.૨૯-૦૬-૨૦૨૪ ના રોજ અવસાન થયેલ છે અને તેઓના અવસાન પેહલા સદરહુ મિલકત અમારા અસીલ ઇકબાલ ઐયુબ હાંસલોદ વિગેરે ને વિલ કરી માલિકી હક્કે આપેલ છે અને તે બાબતે તા.૦૮/૦૬/૨૦૨૧ ના રોજ માંગરોલ સબ રજીસ્ટર કચેરીએ રજીસ્ટડ નંબર ૩૯૦૦ થી રજીસ્ટડ વિલ ની નોંધણી પણ કરાવેલ છે અને સદર વિલ ના આધારે અમારા અસીલો ઇકબાલ ઐયુબ હાંસલોદ વિગેરે નાઓ વિલના લાભાર્થી હોઈ મચકુર મહમદઅલી ઈસ્માઈલ કાજી ના અવસાન બાદ અમારા અસીલો મચકુર મિલકત ના માલિક બનેલા છે પરંતુ મચકુર મહમદઅલી કાજી ની વિધવા ઝુલેખા મહમદઅલી કાજીના સદર વિલ ની હકીકત થી માહિતગાર હોવા છતાં અમારા અસીલોનો હક ડુબાડવા સદર મિલકતો માં સૌપ્રથમ પોતાના સ્વતંત્ર નામે વારસાઈ ની નોધ નોધાવી તરતજ ત્રણ માસ માં સદર મિલકતો તેઓના નજીક ના સબંધી અને મળતીયા અબુબક્કર મહમદ લીંબાડા ને તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ રજીસ્ટડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૯૫ થી કરી આપેલ અને વિલના લાભાર્થી નો હક ડૂબાડવા પ્રયત્ન કરેલ હોઈ સદર ગેરકાયદેસર કૃત્યની જાણ થતા અમારા અસીલો એ માંગરોલ સિવિલ કોર્ટમાં સદર મિલકત માં પોતાના હક્ક માટે રે.દી.મુ.નંબર ૧૦/૨૦૨૫ દાખલ કરેલ છે અને સદર જમીન બાબતે થયેલ રજીસ્ટડ વેચાણ દસ્તાવેજ તે રદ બાતલ ઠેરવવા દાવો કરેલ છે જે કામ મનાઈ અરજી ની સુનાવણી ના તબ્બકે કોર્ટ માં પન્ડીંગ છે તેમ છતાં સદર જમીન માં રેવન્યુ દફતરે ચાલતા નામ અબુબક્કર મહમદ લીંબાડા નાએ સદર જમીન ત્રાહિત ઇસમોને બતાવી ગેરમાર્ગે દોરી વેચાણ કરવાના ઈરાદે પ્રયત્ન કરી રહ્યા છે તેવી અમારા અસીલોને જાણ થયેલ હોઈ જેથી જાહેર જનતાને આથી ચેતવણી આપી જાણ કરવાની કે મજકુર જમીન બાબતે કોઇએ કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં જો કરશો તો તેઓને કોઇ હક્ક પ્રાપ્ય થશે નહીં અને કોર્ટ કાર્યવાહીમાં જોડાવુ પડશે જેની નોંધ લેવી. તા.૩૧/૦૩/૨૦૨૬

ઠે.રેલ્વે ક્રોસિંગ પાસે, કોસંબા
તા.માંગરોલ, જી.સુરત
મો-.૯૮૭૯૯ ૨૨૧૫૦

અમારી મારફત
જે.એમ. ઘરીયા
(એડવોકેટ)